dakshinayan
દક્ષિણાયન

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC

VNSGU

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

Veer Narmad South Gujarat University, Surat

June 2016 | For private circulation only | Vol. 08 - Issue 173

વિદ્યાર્થીઓ દેશની અસ્કામત છે, મિલકત છે, પણ દેશની- જેઓ કારકિર્દી જમાવવા માંગે છે તેઓની નહીં.

**ઉમાશંકર જોશી**

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

હિતેન આનંદપરાની પંકિતઓ આપણી શિક્ષણ વ્યવસ્થાના ધુરીણો માટે બહુ પ્રસ્તુત છેઃ

"અંતે શીખીને બહુ બધું,
ભૂલી જવાનું હોય છે.
જે આવે છે એ જાય છે,
એ પણ જરા શીખવાડજો."

નૈસર્ગિક સ્વાંગી શિક્ષણનો કોઈ સ્વસ્થ વિકલ્પ આપણી 'સુધરેલી' સંસ્કૃતિએ બાળકોના સર્વાંગી વિકાસ માટે ઝાઝો વિચાર્યો જણાતો નથી. વર્ષો વીતતાં જાય છે તેમ શિક્ષણ વધુ વકરતું જાય અને જોખમી બનતું જાય એમ કયારેક ચોતરફથી પ્રતીત થાય છે. સરકાર નિષ્ઠાપૂર્વકના પ્રયત્નો કરે છે પણ એટલું પૂરતું નથી. સમાજ પણ શિક્ષણયજ્ઞમાં જોડાય તે જરૂરી છે.

બાળ માનસ તથા કિશોર માનસને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં સમજવાનો પ્રયાસ શિક્ષકો કે ભણેલા-ગણેલા માતાપિતાઓ પણ કરવા માગતાં નથી. દેખાદેખીથી પ્રેરાઈને સ્વકેન્દ્રી પલાયનવાદી દ્રષ્ટિકોણથી જ પોતાના સંતાનોને ભણાવવાની જીદ લઈને ચાલે છે. બાળકો નિજી પ્રકૃત્તિ કે સ્વભાવગત ખાસિયતો અનુસાર મૌલિકપણે શિક્ષણ મેળવે એ જોવાને બદલે એમને So Called Social Status ની લ્હાયમાં પોતાની જ મહત્વાકાંક્ષાઓના વાહક પુરવાર કરી દેવામાં આવે છે.

એક કવિએ લખ્યું છે :

"નકશા હૂકમ ઈમારત ચલે
વૃક્ષ ચલે નિજ લીલા"

છોડને પોષણ આપીએ, છોડની માવજત કરીએ પણ એ આપણાં જ ઈરાદાઓ કે ઈચ્છાઓ પ્રમાણે વિકસે કે વિસ્તરે તેવી અપેક્ષા યોગ્ય નથી.

બાળકના નાનકડા માસુમ ખભા ઉપર બખતર જેવું મસમોટું દફતર અને ગજા બહારનું હોમવર્ક એમની શિશુસહજ મુગ્ધતા અને કિશોરવયના વિસ્મયનું નિકંદન કાઢી નાખે છે.

બાળપણના જાજરમાન દિવસોમાં શેરી-ગલીઓ-મેદાનોમાં રમવાનું અદમ્ય આકર્ષણ બાળકોમાં સ્વાભાવિક જ હોય. પણ યુનિફોર્મના ભારણ અને ફરજિયાત નિયમપાલનના આદેશો સાથે વિલાતા ચ્હેરાઓને નિશાળે તગેડવામાં આવે. શૈશવને સૂકવી નાખતો શાળાનો પરિવેશ હૂંફ, લાગણી કે સ્નેહના ભાવો એવા ભૂંસી નાખે કે બાળક સહજતાથી હસી સુધ્ધાં ન શકે. વાદળો-પંખીઓ તથા પરીઓના દેશમાં સ્હેલ કરવા ઝૂરતા અને કાગળના આકાશમાં ટહુકાઓ ચિતરવા ઝંખતા બાળકોને શિક્ષણના પિંજરામાં કેદ કરી દેવામાં આવે. એવી વ્યાપક પરિસ્થિતિ મનો વિશ્લેષણાત્મક અધ્યયન માગી લે છે. બબ્બે ત્રણત્રણ ટ્યુશનોમાં ઢસડતા, વાંક વિનાનો માર ખાતા અને ગમે તેટલા ગુણાંક લઈ આવવા છતાંય માતા-પિતાને તો પોતાના બાળકના પહેલા નંબરથી ઓછું કશું ય ન ખપે. સંતાનો સારી રીતે ઉત્તીર્ણ થાય ખરા, પણ મા-બાપને એનો કશો ઉલ્લાસ નહીં ! ઘણી વાર એવું જોવા મળ્યું છે કે, મા-બાપની માર્કશીટ્સના કુલ ૯૦ ટકા ન થતા હોય તેવા મા-બાપને પણ પોતાના દિકરા કે દિકરીના ૯૦ ટકા થી સંતોષ નથી! અહો આશ્ચર્યમ્ !! નિશાન ઊંચુ જ તાકવું જોઈએ પણ સ્પર્ધા સ્વરૂપે નહીં. પરિણામ સ્વીકારવાની સમજ હોવી એ પણ શિક્ષણનો જ એક ભાગ છે. ડોકટર-એંજિનિયર બનાવી દેવાના ધખારામાં ડિપ્રેસન અનુભવતા વાલીઓએ સમજવું રહયું કે માર્કશીટ એ જ બાળકનું સર્વસ્વ નથી જ નથી. કેવળ બે બાય બેની માર્કશીટમાં સમાઈ જાય તેટલી નાની જિંદગી નથી. માર્કશીટ જિંદગીનો એક નાનો ભાગ છે આખી જિંદગી નથી. બાળકના નેવું ટકા કે તેથી ય વધુ ટકા આવવા છતાં નિરાશ ન થનાર મા-બાપને જોયાં છે; તમે ય જોયાં હશે. આવા મા-બાપોને બાળક ઉછેરનો કકકો શિખવાડવો જોઈએ. સંતાનોને માર્કશીટની જંજીરમાં બાંધી-જકડી દેવાનો અધિકાર મા-બાપને નથી.

આપણાં બાળકોના બૌધ્ધિક-માનસિક ઉપરાંત નૈસર્ગિક ભાવાત્મક વિકાસ માટે પણ સૌએ ભેગાં મળીને વિચારવું રહયું. એકાંગી વિકાસ ન ચાલે. આપણું સંતાન સારા માણસ તરીકે સમાજમાં પ્રસ્થાપિત થાય તે કંઈ ઓછા આનંદની વાત ન ગણાય. માત્ર ટકા આગળ જિંદગીનું પૂર્ણવિરામ મૂકી શકાય નહિ.

તા. ૧૫ જુન, ૨૦૧૬

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## ઉપકુલપતિશ્રી



ગવર્નમેન્ટ ઓફ ગુજરાત, એજયુકેશન ડિપાર્ટમેન્ટના નોટિફિકેશન નં. જીએચ / એસએચ / ૭ / ડીજીજે / ૧૩૦૭/૩૧૯૩/કેએચ-૨, તા. ૪-૬-૨૦૧૬ થી ડૉ. ભાસ્કર મહેન્દ્રપ્રસાદ રાવલની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના ઉપ-કુલપતિ પદે નિમણૂંક થયેલ છે.

યુનિવર્સિટીના સેનેટ-સિન્ડિકેટના સભ્યશ્રીઓ, વિભાગીય વડાશ્રીઓ, અધ્યાપકશ્રીઓ અને કર્મચારીઓની ઉપસ્થિતિમાં ડૉ. ભાસ્કર રાવલ, તા. ૯ જૂન ૨૦૧૬ના રોજ ઉપકુલપતિ પદે બિરાજમાન થયા હતા.




## નિવૃત્ત

યુનિવર્સિટી કાર્યાલયમાં ફરજ બજાવતા નીચે જણાવેલ અધિકારી/કર્મચારીઓ વય મર્યાદાને કારણે નિયમાનુસાર તા. ૧૪-૬-૨૦૧૬ના રોજ કાર્યાલય સમય બાદ નિવૃત્ત થયેલ છે.

(૧) ડૉ. જયંતિલાલ આર. મહેતા (કુલસચિવ), (૨) શ્રીમતી લીલાવતીબેન એ. પટેલ (કાર્યાલય અધિક્ષક), (૩) શ્રીમતી કોકિલાબેન એસ. લખપતિ (હેડ કલાર્ક), (૪) શ્રી ફતેસિંહ એન. વસાવા (ટેકનિકલ આસિસ્ટન્ટ-ગ્રંથાલય), (૫) શ્રી ડાહ્યાભાઈ પી. પટેલ (લેબોરેટરી આસિસ્ટન્ટ), (૬) શ્રીમતી માયાબેન જે. પંડયા (લેબોરેટરી આસિસ્ટન્ટ કમ ટાઈપીસ્ટ), (૭) રાજેન્દ્રકુમાર એમ. વૈદ્ય (પટાવાળા), (૮) શ્રી ચંદુલાલ ડી. કંથારીયા (પટાવાળા), (૯) શ્રી સુમંતભાઈ ડી. બરૂડીઆ (પટાવાળા).

## કુલસચિવ



કુલસચિવશ્રી ડૉ. જયંતિલાલ આર. મહેતા વય મર્યાદાને કારણે નિયમાનુસાર તા. ૧૪-૬-૨૦૧૬ના રોજ કાર્યાલય સમય બાદ નિવૃત્ત થયેલ હોય તા. ૧૫-૬-૨૦૧૬ થી પરીક્ષા નિયામકશ્રી અરવિંદ વી. ઘડુકને કુલસચિવનો વધારાનો ચાર્જ સોંપવામાં આવેલ છે.

## ઉજવણી





વિશ્વવિભૂતિ, મહામાનવ, બૌદ્ધિસત્વ, ભારતરત્ન, ભારતીય બંધારણના ઘડવૈયા, સમતા-બંધુતા-સ્વતંત્રતા અને ન્યાયના પ્રણેતા, રાષ્ટ્રસંગઠક, માનવાધિકારોના પ્રખર હિમાયતી, શિક્ષણ પ્રેમી અને શિક્ષણ વ્યવસ્થાના પરમ્ ચિંતક, શ્રમિકોના નેતા, દલિતોના મસીહા, મહિલા ઉદ્ધારક, વિશ્વવિદ્યાર્થી, અર્થશાસ્ત્રી, કાયદાશાસ્ત્ર, નૃવંશશાસ્ત્રી, સમાજશાસ્ત્રી, વિકાસશાસ્ત્રી જેવા અનેક વિશેષણોના ધણી બાબાસાહેબ ડૉ. ભીમરાવ રાવજી આંબેડકરની ૧૨૫મી જન્મજયંતી વર્ષની ઉજવણી સમગ્ર દેશમાં થઈ રહી હતી ત્યારે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગમાં તારીખ ૨૭મી માર્ચ, ૨૦૧૬ના રોજ બાબાસાહેબ ડૉ. આંબેડકરના જીવનચરિત્ર પર આધારિત "કવિઝ" એટલે કે લેખિત કુટ-પ્રશ્નોત્તરી પરીક્ષા યોજાઈ હતી જેમાં વિભાગના ગ્રામ અભ્યાસના અનુસ્નાતક કક્ષાએ (M.R.S.) બીજા સેમેસ્ટરના લગભગ તમામ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જે પૈકી નિષ્ણાંત દ્વારા મૂલ્યાંકન કરાવ્યા મુજબ કલ્પેશ ડી. બાવળિયા પ્રથમ ક્રમે, જયોતિ વી. પટેલ દ્વિતીય ક્રમે અને ભાવના એસ. ગાવિત ત્રીજા ક્રમે વિજેતા જાહેર થયા હતા.

ત્યાર બાદ તારીખ ૫મી એપ્રિલ, ૨૦૧૬ના રોજ 'મહિલા ઉદ્ધારક બાબાસાહેબ ડૉ. આંબેડકર" વિષય પર નિબંધ સ્પર્ધાનું આયેજન કરવામાં આવ્યું હતું. જેમાં એમ.આર.એસ.ના સેમેસ્ટર-૨નાં ૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તે પૈકી નિષ્ણાંત દ્વારા મૂલ્યાંકન કરાવતાં પ્રથમ ક્રમે પટેલ જયોતિ વી., બીજા ક્રમે સ્મિતા આર. ભોયે અને ત્રીજા ક્રમે દિવ્યેશા એસ. વળવી વિજેતા થયા હતા. તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૧૬ના રોજ વિભાગમાં ઉજવાયેલ ફેરવેલ

પાર્ટીના ઔપચારિક કાર્યક્રમ દરમિયાન વિભાગના અધ્યાપકગણ દ્વારા આ "કવિઝ" અને નિબંધ સ્પર્ધાના વિજેતાઓને વિભાગ તરફથી ટ્રોફી એનાયત કરવામાં આવી હતી તેમજ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન રૂપે પ્રમાણપત્રો પણ આપવામાં આવ્યા હતા.

બાબાસાહેબ ડૉ. આંબેડકરની ૧૨૫મી જન્મજયંતી વર્ષની ઉજવણી નિમિત્તે મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગમાં વિભાગના વડાશ્રી ડૉ. વિપુલભાઈ જે. સોમાણીના સૂચનથી બાબાસાહેબ ડૉ. આંબેડકરના જીવનચરિત્ર પર આધારિત "કવિઝ" અને નિબંધ સ્પર્ધાનું સમગ્ર સંચાલન અને આયોજન વિભાગના અધ્યાપક સહાયક આયુ. પરેશ એસ. સાળવે એ કર્યું હતું અને નિષ્ણાંત તરીકેની સેવા સમાજશાસ્ત્ર વિભાગના એસો. પ્રોફેસર ડૉ. અરૂણ પંડયાએ આપી હતી.






## Fellowships/Scholarships

The University Grants Commission invites ONLINE application for the award of FELLOWSHIPS / SCHOLARSHIPS as per details given below:-

| Sr. No. | Name of the Scheme |
|---|---|
| 1 | **Emeritus Fellowships**<br>Academic Year: 2017-18<br>Online details of the Applications:<br>http://www.ugc.ac.in/ef/<br>Last date for submission of online application: 30-6-2016 |
| 2 | **Dr.S. Radhakrishnan Fellowship of Humanities and Social Sciences (including languages)**<br>Academic Year: 2017-18<br>Online details of the Applications:<br>http://www.ugc.ac.in/dsrpdfhs/<br>Last date for submission of online application: 30-6-2016 |
| 3 | **Post Doctoral Fellowship for Women**<br>Academic Year: 2017-18<br>Online details of the Applications:<br>http://www.ugc.ac.in/pdfwm/<br>Last date for submission of online application: 30-6-2016 |
| 4 | **Post Doctoral Fellowship for SC/ST Candidates**<br>Academic Year: 2017-18<br>Online details of the Applications:<br>http://www.ugc.ac.in/pdfss/<br>Last date for submission of online application: 30-6-2016 |
| 5 | **Swami Vivekananda Single Girl Child Fellowship for Research in Social Science**<br>Academic Year: 2017-18<br>Online details of the Applications:<br>http://www.ugc.ac.in/svsgc/<br>Last date for submission of online application: 30-6-2016 |
| 6 | **Rajiv Gandhi National Fellowship for SC Candidates**<br>Academic Year: 2016-17,2017-18<br>Online details of the Applications:<br>http://www.ugc.ac.in/rgnfsc/<br>Last date for submission of online application: 31-7-2016 |
| 7 | **Rajiv Gandhi National Fellowship for Persons with Disability**<br>Academic Year: 2017-18<br>Online details of the Applications:<br>http://www.ugc.ac.in/rgnfd/<br>Last date for submission of online application: 31-7-2016 |
| 8 | **Maulana Azad National Fellowship for Minorities Communities**<br>Academic Year: 2017-18<br>Online details of the Applications:<br>http://www.ugc.ac.in/manf/<br>Last date for submission of online application: 31-7-2016 |
| 9 | **National Fellowship for OBC Candidates**<br>Academic Year: 2017-18<br>Online details of the Applications:<br>http://www.ugc.ac.in/nfobc/<br>Last date for submission of online application: 31-7-2016 |
| 10 | **Indira Gandhi P.G. Scholarship for Single Girl Child**<br>Academic Year: 2016-2017<br>Online details of the Applications:<br>http://www.ugc.ac.in/sgc/<br>Last date for submission of online application: 31-8-2016 |
| 11 | **P.G. Scholarship for University Rank Holder Candidates**<br>Academic Year: 2016-2017<br>Online details of the Applications:<br>http://www.ugc.ac.in/urh/<br>Last date for submission of online application: 31-8-2016 |

| | |
|---|---|
| 12 | **Post Graduation Scholarship for Professional Courses for SC/ST Candidates**<br>Academic Year: 2016-2017<br>Online details of the Applications: http://www.ugc.ac.in/pgsprof/<br>Last date for submission of online application: 31-8-2016 |
| 13 | **Ishan Uday Special Scholarship Scheme for North Eastern Region**<br>Academic Year: 2016-2017<br>Online details of the Applications: http://www.ugc.ac.in/ner/<br>Last date for submission of online application: 31-8-2016<br>For Further Information: www.ugc.ac.in |

## પીએચ.ડી.



યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના માસ્ટર ઓફ સોસીઅલ વર્ક પ્રોગ્રામના આસિ. પ્રોફે. શ્રીમતી રેખા નિશીકાંત મિસ્ત્રીએ "Career aspirations and academic achievement among college students: A social work perspective" શીર્ષક હેઠળ રજુ કરેલ મહાશોધ નિબંધને મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરાએ માન્ય રાખી, પીએચ.ડી.ની ડીગ્રી એનાયત કરી છે. આ સંશોધન કાર્ય તેઓએ પ્રો. ડૉ. અરુણા ખાસગીવાલા (ફેકલ્ટી ઓફ સોસીઅલ વર્કના પૂર્વ ડીન, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા)ના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કરેલ છે.

# કોલેજ ન્યૂઝ

## વ્યાખ્યાન



તા. ૨૫-૦૨-૧૬ના રોજ શ્રી રામકૃષ્ણ એક્ષ્પર્ટ પ્રા. લિ.ના સ્થાપક અને ચેરમેન શ્રી ગોવિંદભાઈ ધોળકિયાએ "મારે કંઈક કહેવું છે" વિષય પર યોજાયેલ વકતવ્યમાં વિદ્યાર્થીઓને જિંદગીની સફળતા અને સાર્થકતાની સમજ આપતા કહ્યું કે, પરદેશની ઝાકઝમાળથી અંજાશો નહિ અને ભારતનું ગૌરવ વધતું રહે તેવું જીવન જીવો. શ્રી ગોવિંદભાઈએ ડૉ. અશ્વિનભાઈ પટેલના આચાર્યપદ સંભાળ્યા પછીના કોલેજના વિકાસને બિરદાવ્યો અને કોલેજનું પોઝીટીવ વાતાવરણ જોઈને આનંદની લાગણી વ્યકત કરી. વિદ્યાર્થીઓએ પ્રશ્નોત્તરીમાં પણ ઉત્સાહપૂર્વક ભાગ લઈ તેઓને મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ કર્યું. પ્રા. સંજય પંડયાએ આભારવિધિ કરી હતી.

એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં ગુજરાત રાજયની સપ્તધારાની જ્ઞાનધારા અને સ્ટુડન્ટ કાઉન્સિલની ડિબેટ કમિટિના સંયુકત ઉપક્રમે ટી.વાય.બી.કોમ.ના વિદ્યાર્થીઓ માટે નવયુગ કોમર્સ કોલેજ, સુરતના પ્રા. આભાબેન નગરશેઠે "માલ વેચાણધારો અને કંપનીધારામાં થયેલ સુધારા" વિષય પર ગહન ચર્ચા કરી હતી. તેમના વકતવ્ય બાદ પ્રશ્નોત્તરી કરવામાં આવી હતી. આચાર્યા ડૉ. ભારતીબેન પંચોલીના માર્ગદર્શન હેઠળ થયેલ આ કાર્યક્રમનું આયોજન પ્રા. વર્ષાબેન રાણાએ પ્રા. હેમાગીનીબેન સરૈયાના સહકારથી કર્યું હતું. ડિબેટ કમિટિના મંત્રી અંજલી પટેલ તેમજ ભૂમિક દેસાઈએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમન ઉઠાવી હતી. અંતે ભૂમિક દેસાઈએ સૌનો આભાર માન્યો હતો. (૨) "UDISHA CLUB" ના ઉપક્રમે ટી.વાય.બીકોમના વિદ્યાર્થીઓ માટે નારણલાલા કોલેજ નવસારીના પ્રા. અપૂર્વાબેન ચૌહાણ અને પ્રા. અશ્વિનભાઈ સંતોકીએ "How to make resume... ?" અને "And how to prepare for interview" વિષય પર પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા વિદ્યાર્થીઓને અગત્યની માહિતી પૂરી પાડી હતી. વકતવ્ય બાદ પ્રશ્નોત્તરીમાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આચાર્યા ડૉ. ભારતીબેન પંચોલીએ મહેમાનોને પુષ્પગુચ્છ અને શાબ્દિક આવકાર્યા હતા. તેમના માર્ગદર્શન હેઠળ થયેલ આ કાર્યક્રમનું સંચાલન પ્રા. વર્ષાબેન રાણાએ પ્રા. શ્રુતિબેન પટેલના સહકારથી કર્યું હતુ. ડિબેટ કમિટિના મંત્રી અંજલી પટેલ તેમજ ભૂમિક દેસાઈએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. અંતે ભૂમિક દેસાઈએ સૌનો આભાર માન્યો હતો. (૩) ગુજરાત રાજયની સપ્તધારાની - જ્ઞાનધારા અને સ્ટુડન્ટ કાઉન્સિલની ડિબેટ કમિટિના સંયુકત ઉપક્રમે ટી.વાય.બીકોમ અને એસ.વાય.બીકોમના વિદ્યાર્થીઓ માટે આંતર કોલેજ વિસ્તરણ વ્યાખ્યાનમાળા હેઠળ નવયુગ કોમર્સ, કોલેજ, સુરતનાં ડૉ. કમુદીનીબેન ઠાકોરે "The Role of CTC in Banking area" વિષય પર વકતવ્ય રજૂ કર્યું હતું. તેમણે ઈ-બેંકિંગનો અર્થ, તેની શરૂઆત કેવી રીતે થઈ, તેના ફાયદા તેમજ ભારતીય અર્થતંત્રમાં તેની મર્યાદાઓની વિસ્તૃત ચર્ચા કરી. આચાર્યા ડૉ. ભારતીબેન પંચોલીના માર્ગદર્શન હેઠળ થયેલ આ કાર્યક્રમનું આયોજન પ્રા. વર્ષાબેન રાણાએ કર્યું હતું. કાર્યક્રમ દરમ્યાન શૈક્ષણિક તેમજ બિન-શૈક્ષણિક કર્મચારીઓનો સહકાર મળ્યો હતો. અંતે આભારવિધિ કુ. કાજલ ભાનુશાલીએ કરી હતી. (૪) સ્ટુડન્ટસ કાઉન્સિલની પ્લાનિંગ ફોરમ પ્રવૃત્તિ અંતર્ગત વલસાડની શાહ એન. એચ. કોમર્સ કોલેજના પ્રા. શ્રી ઠાકોરભાઈ જી. પટેલે "કેઈન્સીયન થીયરીની વર્તમાન સમયમાં પ્રસ્તુતતા" વિષય પર વ્યાખ્યાન આપી વિદ્યાર્થીઓને ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડયું હતું. આચાર્યા ડૉ. ભારતીબેન એમ. પંચોલી પ્રેરિત અને પ્લાનિંગ ફોરમ પ્રવૃત્તિના અધ્યક્ષ પ્રા. વાય. જે. દેસાઈ આયોજિત આ કાર્યક્રમ વિદ્યાર્થીઓને પોતાના અભ્યાસક્રમ સંદર્ભે ખૂબ ઉપયોગી બન્યો હતો.

ઉધના એકેડેમી એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત યુસીસીસી અને એસપીબીસીબીએ અને ઉધના એકેડેમી કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન અને આઈટી કોલેજ (બીસીએ વિભાગ) માં તા. ૧૧-૩-૧૬ના રોજ યુનિવસિટીના કોમ્પ્યુટર સાયન્સ ડિપાર્ટમેન્ટનાં અધ્યક્ષ પ્રો.(ડૉ.) શ્રી અપૂર્વ દેસાઈનું "Computer Vision and Morphological Operations" વિષય પર વ્યાખ્યાન યોજાઈ ગયું.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના સ્વ. પ્રા. આર.આર. પટેલની સ્મૃતિમાં દર વર્ષે યોજાતી વ્યાખ્યાન શ્રેણી અંતર્ગત ચાલુ વર્ષે ડૉ. નરેશભાઈ ભટ્ટ દ્વારા "મંગલમય જીવન મૃત્યુ" વિષય પર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. પ્રિ. ડૉ. જે.એમ. નાયકની પ્રેરણા-નાણાંકીય સહાય તથા અધ્યાપકોની સખાવતથી ઉભા કરેલા

ફંડમાંથી દર વર્ષે યોજાતા આ કાર્યક્રમની ભૂમિકા સમજાવતા પ્રિ. ડૉ. જે.એમ. નાયકે જણાવ્યું હતું કે કોઈપણ વ્યકિતનું મૃત્યુ અતિ દુઃખદ હોય છે. પરંતુ સ્મૃતિઓ દ્વારા આપણે વ્યકિતનાં ગુણોને યાદ કરીએ, અમલમાં મુકીએ તો એ સાચી શ્રધ્ધાંજલિ હોય શકે. આ કાર્યક્રમમાં સ્વ. આર.આર. પટેલના ધર્મપત્ની ઉષાબેન પટેલ, ભૂતપૂર્વ અધ્યાપકો, વિદ્યાર્થીઓ, શૈક્ષણિક-બિનશૈક્ષણિક કર્મચારીઓ તથા પ્રબુદ્ધ નાગરિકોએ હાજર રહી સ્વ. આર. આર. પટેલ પ્રતિ શ્રધ્ધાંજલિ વ્યકત કરી હતી. કાર્યક્રમનું સંચાલન ડિબેટ કમિટીનાં ચેરમેન પ્રા. કે.સી. પટેલ, આભારવિધિ પ્રા. કે.આર. ભાવસારે કરી હતી. આંતર કોલેજ વિસ્તરણ વ્યાખ્યાનમાળા અંતર્ગત શ્રી એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરાના પ્રા. વાય. જે. દેસાઈએ "રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની નાણાંકીય નીતિ અને બેકિંગ ઉદ્યોગમાં તાજેતરના વલણો" વિષય ઉપર વકતૃત્વ આપી વિદ્યાર્થીઓને તાજેતરનાં વલણોનો સંદર્ભ સમજવામાં ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડયું હતું. પ્લાનીંગ ફોરમના ઉપક્રમે આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, પારડીના પ્રા. કે.બી. પરમારનું "બજારનું માળખું" પર વ્યાખ્યાન યોજાઈ ગયું. આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકે શ્રી કે.બી. પરમારનું શાબ્દિક અને પુસ્તકરૂપી પુષ્પથી સ્વાગત કરી જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે વર્ગખંડ શિક્ષણ સિવાય પણ આવા કાર્યક્રમો સતત યોજાતા રહે તે જરૂરી છે. પ્લાનીંગ ફોરમના સેક્રેટરી કુ. વૃત્તિ પટેલે આભારવિધિ કરી હતી. તદ્‌પરાંત 'ઉદિશા' અંતર્ગત બી.એડ. કોલેજ ખરોડના પ્રા ડૉ. ઈન્તેખાબ અનસારીએ 'જીવન વિકાસની દિશા' વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. જેમાં તેમણે 'જીવન વિકાસ' માટે કઈ બાબતો સહાયરૂપ છે તથા જીવન ઘડતર માટેના પગથિયાઓનો ઉલ્લેખ કરી વિવિધ ઉદાહરણો દ્વારા વ્યાખ્યાનને રસપ્રદ બનાવ્યું હતું. પ્રા. ડૉ. ઈન્તેખાબ અનસારીને પુસ્તકપુષ્પ અર્પી પ્રિ. ડૉ. જે.એમ. નાયકે સ્વાગત કર્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન તથા પૂર્વભૂમિકા પ્રા. એમ. જી. પટેલે કરી હતી.



તા. ૧-૨-૧૬ના રોજ નવયુગ સાયન્સ કોલેજ, સુરતના બાયોલોજી વિભાગ દ્વારા Man & Biodiversity વિષય પર ડૉ. મીનુભાઈ પરબીયાનું વકતવ્ય રાખવામાં આવેલ હતું. આ કાર્યક્રમની શરૂઆત પ્રિ. ડૉ. અશ્વિનભાઈ પટેલ તથા ડૉ. પરબીયાના હસ્તે દિપ પ્રાગટય અને પ્રાર્થના દ્વારા કરવામાં આવી. આચાર્ય શ્રી ડૉ. અશ્વિનભાઈ પટેલ દ્વારા ડૉ. મીનુભાઈ પરબીયાનું શાબ્દીક તથા પુસ્પગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું. ડૉ. પરબીયાએ પોતાનું વકતવ્ય સરળ શૈલીમાં અને વિદ્યાર્થીઓને સમજાય તે રીતે જૈવ વૈવિધ્યની રસપ્રદ માહિતી આપી હતી. આ ઉપરાંત વિવિધ વનસ્પતિની ઔષધીય ઉપયોગીતા તથા તેના સંરક્ષણની માહિતી પૂરી પાડી હતી. અંતે વિદ્યાર્થીઓના પ્રશ્નોના સહજતાથી ઉકેલ આપી કાર્યક્રમ પૂર્ણ કર્યો હતો. માહિતી સભર વ્યાખ્યાન સાંભળવા કોલેજના અધ્યાપકો તેમજ સ્ટાફના સભ્યો હાજર રહયા હતા. સમગ્ર પ્રોગ્રામનું સંચાલન પ્રા. પી.વાય. દવેએ કર્યું હતું.

## ઈનામ વિતરણ

શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા ખાતે તા. ૧૧-૩-૧૬ના રોજ શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકના અધ્યક્ષપણા હેઠળ ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. એમણે આગવી શૈલીથી "શિક્ષણ જગતની વાસ્તવિકતાઓ" વિષય પર આંખો ઉઘાડનારૂ અને ભાવિ શિક્ષકો માટે ઉપકારક વકતવ્ય આપ્યું હતું. પ્રસ્તુત ઈનામ વિતરણ સમારંભમાં કોલેજમાં યોજાયેલ રમતોત્સવ અંતર્ગત વિવિધ રમતોના વિજેતાઓને પારિતોષિક અને સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતાં. આ ઉપરાંત કોલેજ દ્વારા શરૂ થયેલ Addon કોર્સ 'સંસ્કૃત સંભાષણ" અંતર્ગત થયેલ પરીક્ષાના તેજસ્વી તાલીમાર્થીઓને સર્ટિફિકેટ અપાયા. તેમજ "સંસ્કૃતનું ગૌરવ" પરીક્ષામાં ઉત્તીર્ણ તાલીમાર્થીઓને સર્ટિફિકેટ એનાયત થયા. શ્રી બી.એચ. પટેલે મંડળ વતી ઉપસ્થિત રહી કાર્યક્રમ શોભાવ્યો હતો. પ્રસ્તુત સમારંભમાં મહેમાનોને આવકારી પ્રિ. ડૉ. કિશોરભાઈ નાયકે વર્ષભરની ગતિવિધિઓ જણાવી ઉત્તમ શિક્ષકના ઘડતર માટેની સંસ્થની મથામણનો ઉલ્લેખ કર્યો હતો. આભારવિધિ પ્રા. ડૉ. નમ્રતા પટેલે અને સભાનું સંચાલન પ્રા. રોશની પટેલે કર્યું હતું.




ઉધના એકેડેમી કોલેજના કેમ્પસમાં તા. ૨૦-૨-૧૬ના રોજ ઈનામ વિતરણ સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ટ્રસ્ટના ઉપપ્રમુખશ્રી કિરિટભાઈ જી. ગાંધી હાજર રહયા હતા. ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઈએ મહેમાનો તથા વિદ્યાર્થીઓને આવકાર આપ્યો હતો તથા વર્ષ ૨૦૧૫-૧૬નો અહેવાલ રજુ કર્યો હતો. સપ્તધારા હેઠળ કોલેજ તથા આંતર કોલેજ કક્ષાએ શૈ-વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન વિવિધ પ્રવૃત્તિઓ, રમતો તથા સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ વિશિષ્ટ સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી જેમને આ સમારંભમાં સન્માનવામાં આવ્યા હતા.

બી.કે.એમ. સાયન્સ કોલેજ, વલસાડમાં વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન શૈક્ષણિક, સાંસ્કૃતિક, સાહિત્યિક, રમતગમત, સહઅભ્યાસી તથા સપ્તધારાની પ્રવૃત્તિઓમાં કોલેજને ગૌરવ અપાવનારા તેજસ્વી તારલાઓને બિરદાવવા માટેનો ૫૮મો વાર્ષિકોત્સવ અને ઇનામ વિતરણ સમારંભ યોજાયો હતો. સમારંભમાં પ્રમુખ ઈન્ચાર્જ, એસ.પી. શ્રી. બલરામ મીણાએ વિદ્યાર્થીઓને શિસ્ત અને સેવાનું મહત્વ સમજાવ્યું હતું અને સ્પર્ધાત્મક પરીક્ષામાં ભાગ લેવા જણાવ્યું હતું. અતિથિ વિશેષ ડૉ. દેવાંગભાઈ દેસાઈએ વિદ્યાર્થીઓને શારીરિક અને માનસિક સ્વસ્થતા કેળવવા પર ભાર મુકયો હતો. મુખ્ય મહેમાન શ્રી દિનેશ સાકરીયાએ જણાવ્યું કે, વિદ્યાર્થીઓ દેશનું ભવિષ્ય છે. વિદ્યાર્થીઓને દેશસેવા કરવા જણાવ્યું હતું. આચાર્યશ્રી ડૉ. વિકાસ દેસાઈએ કોલેજનો વાર્ષિક અહેવાલ રજુ કર્યો હતો, તેમણે જણાવ્યું કે, આ વર્ષે કોલેજના ત્રણ વિદ્યાર્થીઓ યુનિવર્સિટીમાં પ્રથમ આવે છે અને ૩ ગોલ્ડ મેડલ તથા રોકડ ઈનામ મેળવે છે. બે વિદ્યાર્થીઓ ગુજરાતની રણજી ક્રિકેટ ટીમમાં પસંદગી

પામ્યા છે, જે કોલેજ માટે ગૌરવ છે. વર્ષ દરમ્યાન શ્રેષ્ઠ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે ગોલ્ડ મેડલ, ઈનામ તથા સર્ટીફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમની આભારવિધિ સાંસ્કૃતિકમંત્રી ડૉ. ટી.જી. ગોહિલે કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રો. એ.જે. ગોયલ, ડૉ. એસ.એમ. પટેલ, પ્રો. એમ.બી. પટેલ, ડૉ. જે.એમ. દેસાઈએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રો. તુષાર દેસાઈ, પ્રો. ડી.ડી. પટેલ તથા ડૉ. એન.જે. માલીએ કર્યું હતું.

## કાર્યક્રમ

એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સ્નેહમિલન સમારોહ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના પ્રમુખ તરીકે શ્રી દયાસ્વરૂપભાઈ પટેલ તથા શ્રી પ્રેમસ્વરૂપભાઈ પટેલ અને મંડળના સેક્રેટરી શ્રી મુકેશભાઈ મહેતા હાજર રહયા હતા. આચાર્યા પ્રિ. ડૉ. ભારતીબેને પ્રસંગોચિત વકતવ્ય રજૂ કર્યું હતું તથા કોલેજની તમામ ગતિવિધિઓનો ચિતાર પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા આપ્યો હતો. કાર્યક્રમના કન્વીનર પ્રા. યોગેશ જે. દેસાઈએ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની આ મીટીંગના હેતુઓ સ્પષ્ટ કરી ઉચિત ભૂમિકા બાંધી હતી. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ તેમના કોલેજ સાથેના સંસ્મરણો વાગોળ્યા હતા. બીલીમોરા વિભાગ કેળવણી મંડળના પ્રમુખશ્રી દયાસ્વરૂપભાઈ પટેલ તથા સેક્રેટરી શ્રી મુકેશભાઈ મહેતાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રા. નરેન્દ્રભાઈ બી. સોલંકી અને પ્રા. વર્ષાબેન ટી. રાણાએ કર્યું હતું. પ્રા. નરેન્દ્રભાઈ બી. સોલંકીએ સૌનો આભાર માન્યો હતો.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ ખાતે ટી.વાય.બીકોમ.ના વિદ્યાર્થીઓને સિવિલ સર્વિસીસની તકો વિશે માર્ગદર્શન આપતો એક કાર્યક્રમ ઈન્સ્ટીટયૂટ ઓફ એડવાન્સ્ડ સ્ટડીઝ, નવસારી દ્વારા કરવામાં આવ્યો હતો. પ્રિ. ડૉ. જે.એમ. નાયકની પ્રેરણાથી થયેલા આ કાર્યક્રમમાં બોલતાં શ્રીમતી રીના દેસાઈએ ગ્રેજયુએશન પછી ભારતની વહીવટી સેવા જેવી કે ડીફેન્સ, નેવી, ટ્રેડ, કોમર્સ, લો મિનિસ્ટ્રી, કસ્ટમ મો રસ ધરાવતા વિદ્યાર્થીઓને પૂર્વભૂમિકામાં જણાવ્યું હતું કે આ ક્ષેત્રમાં કારકિર્દીના વિકાસ દ્વારા તમે સમાજ સેવા, માનપાત્ર, હોદ્દો, પડકારરૂપ કાર્ય, સારું પગાર ધોરણ જેવી તકો ઉભી કરો છો. આ ક્ષેત્રમાં કારકિર્દી વિકસાવવા વિદ્યાર્થીઓ માટે સર્વિસીસ એકઝામનાં પેપર્સ, અભ્યાસક્રમ, ટ્રાયલ્સ, વિષય પસંદગી અને માર્કીંગ ડીટેઈલ્સનું વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. અંતે પ્રશ્નોત્તરી દ્વારા વિદ્યાર્થીઓએ જિજ્ઞાસા સંતોષી હતી.

શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા ખાતે વર્ષ ૨૦૧૪-૧૫ના યુનિવર્સિટીની પરીક્ષાના તેજસ્વી તારલાઓના અભિવાદન-સ્નેહમિલન કાર્યક્રમ OSA-OLD STUDENTS ASSOCIATION તા ૧૩-૨-૧૬ના રોજ યોજાયો હતો, જેમાં વર્ષ-૨૦૧૪-૧૫ના સિદ્ધિપ્રાપ્ત તાલીમાર્થીઓને મેડલ, રોકડ પારિતોષિક અને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા. આચાર્યશ્રી ડૉ. કિશોર આર. નાયકે મહેમાનોને આવકારી સહુનું સ્વાગત કર્યું હતું. સમારંભના અતિથિવિશેષ પદે વિનયન વિદ્યાશાખાના ડીન, રોફેલ આર્ટસ અને સાયન્સ કોલેજ વાપીના આચાર્યા ડૉ. હેમાલીબેન દેસાઈએ "પ્રવર્તમાન સંજોગોમાં બહેનોની ભૂમિકા" વિષય પર પ્રવચન આપ્યું હતું. ભારતનું બહુ આયામી નરરત્નઃ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ" વિષયક હસ્તલિખિત અંકનું એમના વરદહસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. આ અંકના સંપાદકીય સ્પંદનો ડૉ. વિનયભાઈ પટેલે રજુ કર્યા હતાં. પ્રસ્તુત સમારંભના પ્રમુખસ્થાનેથી બી.વી.કે. મંડળ બીલીમોરા સ્ટેન્ડિંગ કમિટીના સેક્રેટરીશ્રી મુકેશભાઈ મહેતાએ આર્શીવચનો પાઠવ્યાં હતાં. આચાર્યશ્રી ડૉ. કિશોરભાઈ નાયકનું શિક્ષણ વિભાગના ડીન તરીકે નિયુકત થવા બદલ શ્રીરંગમ્ પરિવારે અભિવાદન કર્યું હતું. સાથે જ OSAના સહમંત્રી અસ્પી કન્યા વિદ્યાલયના આચાર્યાશ્રી જયશ્રીબેન દેસાઈ નિવૃત્ત થતા તેમનું OSAના સહમંત્રી તરીકેની ભૂમિકા બદલ અભિવાદન કરાયું તેમજ એલ.એમ.પી. રેવા એકસ. પ્રાથમિક વિભાગના આચાર્યાશ્રી પાકીઝાબેન મિસ્ત્રીનું OSAના નવા સહમંત્રી તરીકે અભિવાદન કરાયું. ઋણ સ્વીકાર પ્રા. ડૉ. કલ્પેશભાઈ ટંડેલે કર્યો હતો તથા સભાનું સંચાલન પ્રા. ડૉ. નમ્રતાબેન પટેલે કર્યું હતું.



વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં, આચાર્યા ડૉ. અભિલાષા અગ્રવાલના માર્ગદર્શન હેઠળ ત્રીજુ કારકિર્દી હેતુલક્ષીય વ્યવસાયિક કોર્ષોના પ્રમાણ-પત્ર વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. સમારોહના મુખ્ય અતિથિ તરીકે શ્રી એસ.વી. હરડીકર - ડેપ્યુટી જનરલ મેનેજર, બેંક ઓફ બરોડા, સુરત અને અતિથી વિશેષ તરીકે શ્રી ચેતન ત્રિવેદી , વાઈસ-પ્રેસીડન્ટ, એચ.ડી.એફ.સી. બેંક, સુરત એ હાજરી આપી. શ્રી હરડીકરે વિદ્યાર્થીઓને કારકિર્દી પ્રત્યે જાગૃત થવા પ્રોત્સાહિત કર્યા હતા. લગભગ ૨૫૦ જેટલી વિદ્યાર્થિનીઓને પ્રમાણપત્રો અપાયા હતા તથા વિદ્યાર્થિનીઓએ એમની ઉજ્જવળ કારકિર્દી ઘડવામાં આ કોર્ષ કેવી રીતે ઉપયોગી રહે છે એ વિષય પર એમના અનુભવ પ્રગટ કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન કરિયર ગાઈડન્સ સેલના ચેરપર્સન પ્રા. નંદા બોથરાએ કર્યું હતું.

શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરામાં તા. ૨૭-૨-૧૬ના રોજ રજિસ્ટ્રારશ્રી જે.આર. મહેતાની ઉપસ્થિતિમાં માનવ ઉત્કર્ષ મંડળ આયોજિત વ્યાખ્યાન, DVD વિમોચન અને વાર્ષિક ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. પ્રિ. ડૉ. કિશોરભાઈ નાયકે મહેમાનોને આવકારી માનવ ઉત્કર્ષ મંડળ અંતર્ગત તૈયાર કરાવેલ ઢ્ફ્દ "લગ્ન સંસ્કાર જાણીએ, માણીએ અને જીવીએ" ની પૂર્વભૂમિકા સ્પષ્ટ કરી હતી. માનવ ઉત્કર્ષ મંડળના ડૉ. દિનુભાઈ નાયકે માનવ ઉત્કર્ષ મંડળના ઉદ્‌ભવ અને પોતાના સમૃદ્ધ અનુભવની છણાવટ કરી DVD નિર્માણ માટે ડૉ. કિશોરભાઈને તથા અમલસાડ સ્થિત એચ.ડી. કન્યા વિદ્યાલયના આચાર્યા શ્રીમતિ જયશ્રીબેનને અભિનંદન આપ્યા હતા. ત્યારબાદ મુખ્ય વકત શ્રી ડૉ. જે.આર. મહેતાએ "મૂલ્યની માવજન અને શિક્ષણ" વિષય પર પ્રેરક શૈલીમાં શિક્ષણ, શિક્ષક જગત, શિક્ષણને સમાજલક્ષી બનાવવું. માનવને મૂલ્યહિન બનતો અટકાવવો, નૈતિક મૂલ્યો, સામાજિક મૂલ્યો, શારીરિક મૂલ્યો રાજકીય મૂલ્યો, વૈશ્વિક મૂલ્યો વિશે ઉદાહરણ સહિત માહિતી આપી સહુને પ્રભાવિત કર્યા હતા. ત્યારબાદ વર્ષભર યોજાયેલ વિવિધ સ્પર્ધાઓના વિજેતા તાલીમાર્થીઓને શ્રીમતિ પાકીઝાબેન વાડીયા પુરસ્કૃત ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. વિવિધ સ્પર્ધામાં વિજેતા તાલીમાર્થી પૈકી ૪૩ જેટલા તાલીમાર્થીઓને વ્યકિતગત ઈનામો તેમજ બે જૂથને ઈનામો આપવામાં આવ્યા હતાં. પ્રા. ડૉ. મનસુખભાઈ પટેલે ઋણ સ્વીકાર કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. શીતલબેન વસાવાએ કર્યું હતું.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં કાર્યરત સેન્ટરમાં બેઝીક અને ટેલીના સર્ટિફિકેટ એનાયત કાર્યક્રમ પ્રિ. ડૉ. જે.એમ. નાયકના પ્રમુખ પદે અને દોલત-ઉષા ઈન્સ્ટીટયુટના માઈક્રોબાયોલોજી ડિપાર્ટમેન્ટના હેડ પ્રા. રીનાબેન દેસાઈના મુખ્ય મહેમાન પદે યોજાઈ ગયો. સર્ટિફિકેટ એનાયત થયા એવા વિદ્યાર્થીઓએ એમના પ્રતિભાવ આપ્યા હતા. પ્રારંભમાં સેન્ટર હેડ હેલીબેન સેન્ટર અંગેની પ્રાથમિક માહિતી આપી હતી. આભારવિધિ શ્રીમતિ હેલીબેને આટોપી હતી.

શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરામાં વ્યાયામ યોગ ખેલકૂદ ધારા અંતર્ગત ઈન્ચાર્જ અધ્યાપક ડૉ. ગાયત્રીબેન પટેલના આયોજન અને માર્ગદર્શન હેઠળ તા. ૨૦-૨-૧૬ના રોજ રમતોત્સવ ઉજવાયો હતો. રમતોત્સવને પ્રારંભ બી.વિ. કે. મંડળના સ્ટેન્ડિંગ કમિટીના પ્રમુખ શ્રી ભરતભાઈના અધ્યક્ષપણા હેઠળ વિધિવત દિપપ્રાગટય દ્વારા કરાયો હતો. રમત-ગમત સમિતિના અધ્યક્ષ ડૉ. ગાયત્રીબેને રમત-ગમતનું જીવનમાં શું સ્થાન છે તેની વાતો કરી હતી. આચાર્યશ્રી ડૉ. કિશોરભાઈ નાયકે શાળા, જીવન, શિક્ષક વચ્ચે અનુબંધ સ્પષ્ટ કરી રમતના મૂલ્યની માવજત બાબતે ઉચિત સમજણ આપી સહુને રમતોત્સવ માટે શુભેચ્છાઓ પાઠવી હતી. દિવસ દરમ્યાન ક્રિકેટ, ખોખો, કબડ્ડી, ડચબોલ, રિલદોડ જેવી મેદાની રમતોની સાથે-સાથે રીંગણપાણી, સંગીત ખુરશી, ઈંટ ઉંચક, જળભેદન, વનમિનિટ, સ્મૃતિ કસોટી, ફુગ્ગા ફોડ અને બૌદ્ધિક રમતો સંપન્ન થઈ હતી. તાલીમાર્થીઓ, અધ્યાપકો અને બિનશૈક્ષણિક કર્મચારીઓએ ભેગા મળી બનાવેલ ભોજનનો રસાસ્વાદ લઈ સહજીવનના પાઠોએ રમતોત્સવને વધુ સંગીન બનાવ્યો હતો.

સિકયુરીટીઝ એન્ડ એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા દ્વારા ૨૦-૨-૧૬ના રોજ શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ ખાતે યુવાન રોકાણકારો માટે મૂડી રોકાણ આયોજન માટે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં સેબી સર્ટીફાઈડ ટ્રેનર પ્રા. ધીમેન જાની દ્વારા એમ.કોમ.ના વિદ્યાર્થીઓને નાણાંકીય આયોજનની વિસ્તૃત માહિતી આપી હતી.

## સ્પર્ધા



ગુજરાત સ્ટેટ વેઈટ લીફટીંગ એસોસિયેશન આયોજીત ગુજરાત સ્ટેટ વેઈટ લીફટીંગ ચેમ્પીયનશીપ ૨૦૧૫-૧૬માં નવયુગ સાયન્સ કોલેજ, સુરતના F.Y.B.Sc. Sem-IIના પટેલ જેસલ બી. એ ૭૭ કિલોગ્રામ વેઈટ કેટેગરીમાં ત્રીજો ક્રમ પ્રાપ્ત કરી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં તા. ૨૫-૧-૧૬ના રોજ એન.એચ. ટાઈમ્સ ભીંતપત્ર પ્રોજેકટ અંતર્ગત 'મતદાન જાગૃતિ પોસ્ટર અને સ્લોગન' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કુલ સત્તાવીસ સ્પર્ધકોએ પોતાની કૃતિઓ રજૂ કરી હતી. સ્પર્ધકાને જરૂરી માર્ગદર્શન પ્રોજેકટ ઈન્ચાર્જ ડૉ. દક્ષા ઠાકોરે પૂરૂં પાડયું હતું. પોસ્ટર સ્પર્ધામાં કુ. મેઘા ગોરડ પ્રથમ ક્રમે, કુ. મૈત્રી શાહ અને મન્સુર સફીના દ્વિતીય ક્રમે તથા કુ. ડિમ્પલ ભાનુશાલી તૃતિય ક્રમે વિજેતા જાહેર થયા હતા જયારે સ્લોગન સ્પર્ધામાં કુ. ટિવંકલ પાટિલ પ્રથમ ક્રમે, કુ. ડિમ્પલ ભાનુશાલી દ્વિતીય ક્રમે તથા કુ હિમાની ચોકસી તૃતિય ક્રમે વિજેતા થયા હતા. નિર્ણાયક તરીકે દિવ્યભાસ્કર સમાચારપત્રના પત્રકારશ્રી પરિમલ આચાર્યે સેવા પૂરી પાડી હતી. કોલેજની ટી.વાય.બી.કોમ.ની વિદ્યાર્થિની કુ. રેતલ શંકરભાઈ પટેલ ગુજરાત ક્રિકેટ એસોસિયેશન સિનિર વુમન ટી-ટવેન્ટી ક્રિકેટ ગુજરાત ટીમમાં પસંદગી પામી રાંચી ઝારખંડ મુકામે ભાગ લેવા જનાર છે. એમણે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ક્રિકેટ બહેનોની ટીમમાં પસંદગી પામી આંતર યુનિવર્સિટી ક્રિકેટ બહેનોની સ્પર્ધા મુંબઈ ભાગ લીધો હતો. વિદ્યાર્થિનીઓ કુ. પૂનમ પાટીલ અને કુ. સોનુ પ્રજાપતિની ટીમ શ્રી વનરાજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ધરમપુર મુકામે યોજાયેલ સ્વ. ડૉ. પ્રબોધભાઈ દેસાઈ મેમોરિયલ આંતરકોલેજ વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લઈ "આજના યુવાનો મોબાઈલ ટેકનોલોજીનો દુરૂપયોગ કરે છે" વિષય પર મંતવ્યો રજૂ કરી 'સ્વ. ડૉ. પ્રબોધભાઈ દેસાઈ વિજયપત્ર' જીતી લીધું હતું. ઉપરાંત કુ. પૂનમ પાટીલે વ્યકિતગત શ્રેણીમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી રૂા. એક હજાર એકસો અગિયારસનું રોકડ ઈનામ પ્રાપ્ત કર્યું હતું. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરતનો ત્રેતાળીસમો ખેલકુદ રમતોત્સવ તા. ૭ થી ૯ ફેબ્રુઆરી દરમ્યાન યુનિવર્સિટી ખાતે યોજાયો હતો. જેમાં એફ.વાય.બી.કોમ.ની કુ. હીના અંસારી બરછી ફેંક સ્પર્ધામાં ગોલ્ડમેડલ, હથોડા ફેંક સ્પર્ધામાં બ્રોન્ઝમેડલ અને એસ.વાય.બી.કોમ.ના શ્રી વિષ્ણુ ઘટકા ૫૦૦૦ મીટર દોડ સ્પર્ધામાં સિલ્વરમેડલ પ્રાપ્ત કર્યો હતો. ટી.વાય.બી.કોમ.ના શ્રી પિંકલ માહયાવંશી અમદાવાદ ખાતે યોજાયેલ ઝી ટી.વી. રીયાલીટી શો સારેગામપ કાર્યક્રમના રાજયકક્ષાના ઓડિશનના બીજા રાઉન્ડમાં પસંદગી પામી મુંબઈ ખાતે યોજાનાર ત્રીજા ઓડિશન માટે પસંદગી પામ્યા છે. શ્રી પિંકલ માહયાવંશી તા. ૭-૨-૧૬ના રોજ ઝી ટી.વી. રીયાલીટી શો સારેગામપ દ્વારા યોજાયેલ ઓડિશન રાઉન્ડમાં વિજેતા બની ફાઈનલ રાઉન્ડ માટે પસંદગી પામ્યા છે. એમને જરૂરી માર્ગદર્શન સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા ડૉ. દક્ષા ઠાકોરે પૂરું પાડયું હતું. ટી.વાય.બી.કોમની કુ.ભૂમિ જોષીએ સર કે.પી. કોમર્સ કોલેજ, સુરત ખાતે યોજાયેલ આંતરકોલેજ હસ્તકળા સ્પર્ધામાં ચોથા ક્રમે વિજેતા જાહેર થઈ હતી. તેમને જરૂરી માર્ગદર્શન સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા ડૉ. દક્ષા ઠાકોરે પૂરું પાડયું હતું. સુરતની શ્રી સી.ડી. બરફીવાલા કોલેજ ખાતે યોજાયેલ આંતરકોલેજ આંતરકોલેજ વકતૃત્વ સ્પર્ધામાં કુ. પૂનમ પાટીલ (ટી.વાય. બી.કોમ.) તથા કુ. ફોરમ રોણવેલીઆ (એફ.વાય.બી.કોમ.)એ ભાગ લીધો હતો. સ્પર્ધાત્મક માહેલમાં "પાકિસ્તાન પ્રેરિત આતંકવાદ સંદર્ભે ભારત માટે યુધ્ધ એ જ માત્ર વિકલ્પ"? વિષય પર વકતૃત્વ આપી કુ. ફોરમ રોણવેલીયા એ તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો. કોલેજમાં ઉજવાતા વિવિધ ડેઈઝ દરમિયાન પ્રિ. ડૉ. જે.એમ. નાયકની પ્રેરણાથી અને પ્રા. ડૉ. દક્ષા ઠાકોર અને પ્રા. કે.આર. ભાવસારના માર્ગદર્શનમાં વિદ્યાર્થી સંઘના નેજા હેઠળની સાંસ્કૃતિક સમિતિએ સંગીત સંધ્યા યોજી હતી. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ પ્રકાશ ઓરકેસ્ટ્રાના સથવારે ફિલ્મી-નોન ફિલ્મી ગીતો ગાઈને પર્ફોમન્સ આપ્યું હતું. નિર્ણાયકો તરીકે ખ્યાતિ ઉપાધ્યાય અને શ્રી વિવેક દેસાઈએ સેવા આપી હતી સ્પર્ધામાં બહેનોના વિભાગમાં કુ. શ્વેતા મિશ્રા પ્રથમ, કુ. હેમાલી ચોકસી દ્વિતીય અને કુ. રેવતી નાયક તૃતીય ક્રમે તથા ભાઈઓના વિભાગમાં શ્રી પિંકલ માહયાવંશી પ્રથમ, શ્રી કાસિમ શેખ દ્વિતીય તથા શ્રી ધવલને આશ્વાસન ઈનામ પ્રાપ્ત થયું હતું. સ્પર્ધાનું સંચાલન નૂરેન જટે કર્યું. વિદ્યાર્થી સ્વ. શિવમ જાનીના

અકાળ અવસાન બાદ તેમની સ્મૃતિમાં દર વર્ષે વિદ્યાર્થી સંઘની ડિબેટ કમિટી અંતર્ગત પ્રિ. ડૉ. જે.એમ. નાયકની પ્રેરણા અને માર્ગદર્શનથી યોજાતી વકતૃત્વ સ્પર્ધા ચાલુ વર્ષે "આધુનિક ભારતના પડકારો અને યુવાનો" વિષય પર યોજાઈ હતી. નિર્ણાયક તરીકે શ્રી વિલેશ પટેલ, બલવાડા હાઈસ્કુલ અને શ્રી શૈલેષ પટેલ, માલનપાડા હાઈસ્કુલના શિક્ષકોએ સેવા આપી હતી. પ્રિ. ડૉ. જે.એમ. નાયકે સ્પર્ધા વિશે માહિતી આપી વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. સ્પર્ધામાં કુ. પૂનમ પાટીલ પ્રથમ ક્રમે, કુ. શુભેચ્છા વડનેરે દ્વિતીય ક્રમે તથા કી. નેહા સિંઘ તૃતીય ક્રમે વિજેતા જાહેર થયા હતા. કાર્યક્રમ ડિબેટ કમિટિના અધ્યક્ષ પ્રા. કે.સી. પટેલની દોરવણી હેઠળ અને કુ. શુભેચ્છા વડનેરેનાં સંચાલનમાં થયો હતો.

ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન ડીપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગવર્મેન્ટ ઓફ ગુજરાત, ગાંધીનગર, માઈક્રોબાયોલોજી સ્ટડી સર્કલ, નડિયાદ તથા નારણલાલા કોલેજ ઓફ પ્રોફેશનલ એન્ડ એપ્લાઈડ સાયન્સિસનાં સંયુકત ઉપક્રમે નારણ લાલા વિદ્યાસંકુલનાં પ્રાંગણમાં રાજયકક્ષાની ૨૭મી આંતરકોલેજ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું. આ સ્પર્ધાના ઉદ્‌ઘાટન સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે નવસારી કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. સી.જે. ડાંગરીયા ઉપસ્થિત રહયા હતા. તેમણે માઈક્રોબાયોલોજી-બાયોટેકનોલોજીનાં મહત્વ વિશે રાજયભરમાંથી આવેલા વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડયું હતું. અન્ય મહેમાન તરીકે ડાંગ વિભાગના વન સંરક્ષણ અધિકારી ડૉ. ધીરજ મિત્તલ પણ હાજર રહયા હતા, તેઓએ પણ વિદ્યાર્થીઓને રીસર્ચમાં કોઈપણ પ્રકારની મદદ તથા માર્ગદર્શન આપવા તૈયારી બતાવી હતી. રાજયકક્ષાની ૨૭મી આંતર કોલેજ સ્પર્ધામાં ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન, ગાંધીનગરના પ્રતિનિધિ તરીકે ડૉ. આનંદ ભડાલકર તથા માઈક્રોબાયોલોજી સ્ટડી સર્કલના ચેરપર્સન ડૉ. શિલ્પાબેન જાની ઉપસ્થિત રહયા હતા. ૨૭મી રાજયકક્ષાની આ સ્પર્દાઓ પૈકી કુલ ૭-સ્પર્ધાઓમાં ગુજરાતના વિવિધ પ્રદેશોમાંથી જુદી-જુદી ૨૭ જેટલી કોલેજોના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સમગ્ર ગુજરાતમાંથી પધારેલ સ્પર્ધકો, બીનસ્પર્ધકો, અધ્યાપકો તથા ગુજરાતના, નામાંકિત સંસ્થાઓમાં ફરજ બજાવતાં નિર્ણાયકો તથા નારણલાલા વિદ્યાસંકુલના વિવિધ શાખાઓનાં આચાર્યો, અધ્યાપકમિત્રો મળી લગભગ ૮૦૦ જેટલા જ્ઞાનીઓએ નારણ લાલા વિદ્યાસંકુલને ધબકતું કર્યું.

એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં ગુજરાત રાજયની સપ્તધારાની સર્જનાત્મક અભિવ્યકિતધારા હેઠળ નવસારી-વલસાડ જિલ્લા કાવ્યપઠન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં નવસારી-વલસાડ જિલ્લાની કોલેજના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં પ્રથમ ક્રમે દેસાઈ ભૂમિકા એમ. (રોફેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વાપી), દ્વિતીય ક્રમે દેસાઈ ભૂમિકા (એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા) અને તૃતીયક્રમે જટ નુરેન એન. (શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ) રહયા હતા. આચાર્યા ડૉ. ભારતીબેન એમ. પંચોલીએ વિજેતા તેમજ તમામ સ્પર્ધકોને અભિનંદન પાઠવી તેમનો ઉત્સાહ વધાર્યો હતો. નિર્ણાયક તરીકે શ્રીમતી અરૂણાબેન વશી તેમજ શ્રીમતી ગીતાબેન પટેલ હતા. સ્પર્ધાનું આયોજન તથા સંચાલન પ્રા. વર્ષાબેન રાણાએ કર્યું હતું. આચાર્યા ડૉ. ભારતીબેન પંચેલી, પ્રા. વર્ષાબેન રાણા, ગીતાબેન પટેલ તેમજ સરદાર હરમિતસિંગે કાવ્યપઠન કરી કાર્યક્રમમાં રંગત જમાવી હતી. અંતે આભારવિધિ પ્રા. દિપિકાબેન લાડે કરી હતી. (૨) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી આયોજિત આંતર કોલેજ ટેકવોન્ડો સ્પર્ધા ધી પાટીદાર જન સાયન્સ કોલેજ, બારડોલી મુકામે યોજાઈ હતી. જેમાં ૫૪ થી ૫૮ કિ.જી. ની વેઈટ કેટેગરીમાં પઠાણ અરબાઝ એન. બ્રોન્ઝ મેડલ જયારે ૬૪ થી ૬૮ કિ.જી.ની વેઈટ કેટેગરીમાં પઠાણ મહમદફાક એસ.એ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યા હતો. (૩) સ્ટુડન્ટ કાઉન્સિલની જીમખાના કમિટિના ઉપક્રમે ફેબ્રુઆરી માસના છેલ્લા અઠવાડિયામાં ચેસ. કેરમ, બેડમિન્ટન, ક્રિકેટ વગેરે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભાઈઓ અને બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આચાર્યા ડૉ. ભારતીબેન પંચોલીના વરદ્‌હસ્તે વિજેતાઓને મેડલ આપી પ્રોત્સાહિત કર્યા હતા અને ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની વોલીબોલ બહેનોની ટીમમાં નવયુગ સાયન્સ કોલેજ, સુરતના M.Sc.Sem-2ની વિહ્રાની ઋતા જે. પસંદગી પામ્યા હતા. વેસ્ટ ઝોન આંતર યુનિવર્સિટી વોલીબોલ (બહેનો)ની સ્પર્ધા એસ.જી.બી. યુનિવર્સિટી અમરાવતી મુકામે યોજાઈ હતી જેમાં વિહ્રાણી ઋતાએ યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરી કોલેજનું ગૌરવ વધાર્યું હતું.

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : Dr. Babulal Ankuya,** Assistant Librarian
**Published by : Arvind V. Dhaduk, I/c Registrar**
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com